## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આકા... આપણી સ્ટાઈલ બદલો... ત્યાંની પબ્લીક કાયમની જેમ કેન્ડલ માર્ચ, પ્રાર્થના સભા, સલામી... કરવા લાગી છે... સાવ પહેલાના જેવું જ...!!!

# રખડતા પશુઓની, ઈમ્પેક્ટ ફી ની અમલવારી સહિતના મુદ્દા ભાજપની સંકલનમાં ચમક્યા

## પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં શહેરની સંકલન સમિતિની બેઠકમાં પ્રદેશ નેતાઓ પણ હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૨૦

રખડતા પશુઓની સમસ્યા, દબાણ, ઈમ્પેક્ટ ફી, સહિતના મુદ્દાઓ આજે શહેર ભાજપની સંકલન સમિતિમાં ચમક્યા હતા.

ગાંધીનગર ભાજપની આજે મળેલ સંકલન સમિતિની બેઠકમાં શહેરની રાજકીય સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. મનપાની છેલ્લી ચૂંટણીમાં ૬ હજારથી વધુ મતો કોંગ્રેસ કરતાં ઓછા મળ્યા હતા તેની ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી હતી તેમજ કાર્યકરોને વધુ લોકો સાથે સંકળાય તેમજ સોશ્યલ મિડિયાનો ભરપૂર ઉપયોગ કરી પ્રજા માનસમાં ભાજપને વધુ મજબુત બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

શહેરમાં રખડતા પશુઓની સમસ્યા અંગે ઉપરાંત ઈમ્પેક્ટ ફી ની અમલવારીના મુદ્દે આ બેઠકમાં ઝીણવટભરી ચર્ચાઓ થઈ હતી. શહેરમાં ગેરકાયદે દબાણોની સમસ્યા અંગે પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. સ્વચ્છતાના મુદ્દે પણ વિભાગોમાં સુયોગ્ય સંકલન સધાય તે માટે આગ્રહ થયો હતો.

પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી અને સંગઠનના પ્રભારી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સંકલન સમિતિની બેઠકમાં ૧૨થી વધુ પ્રશ્નો અંગે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.






સંકલન સમિતિ અગાઉ પક્ષના ચૂંટાયેલા કાઉન્સીલરો અને બોર્ડ-નિગમના ચેરમેનો સાથે તેમજ બીજી બેઠક પક્ષના હોદ્દેદારો સાથે અને છેલ્લે વિસ્તૃત સંયુક્ત બેઠક કારોબારી સભ્યો સાથે યોજાઈ હતી. વિકાસના કામો લોકો સુધી પહોંચે તેમજ સરકારના મહત્વના નિર્ણયોથી સૌને જાણકારી મળે તે માટે સોશ્યલ મિડીયાનો પ્રસાર માધ્યમ તરીકે ઉપયોગ કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

સંગઠનની ખાલી જગ્યાઓ પર નિમણુંકની કાર્યવાહી કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી તેમજ મોરચાઓ સાથે સુયોગ્ય સંકલનમાં રહી પક્ષના કાર્યક્રમો યોજવા પણ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

# અમેરીકન એકેડેમી ઓફ ડર્મેટોલોજી દ્વારા ડૉ. સુરેશ જોષીપુરાની પ્રતિષ્ઠ એવોર્ડ માટે પસંદગમ

અમદાવાદ, તા.૨૦

તાજેતરમાં અમેરીકા ખાતે મળેલી અમેરીકન એકેડેમી ઓફ ડર્મેટોલોજીની મીટીંગમાં, સૌરાષ્ટ્રના પ્રખ્યાત ચર્મરોગ નિષ્ણાંત ડો. સુરેશભાઈ જોષીપુરાની 'મેમ્બર્સ મેઈક ડીફરન્સ' નામના પ્રતિષ્ઠીત એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. તેમણે કરેલા ચામડીના રોગ રકતપિડત, એડડર્મા કરેલ લોક જાગૃતિના કામો, ચામડીના રોગના એસોસીએશનમાં નોંધપાત્ર કામગીરી તથા સંશોધન ક્ષેત્રે પ્રદાન, ઉપરથી પસંદગી કરવામાં આવી છે. આ અંગે એકેડેમીના મુળ પત્રમાં, આખા પાનામાં સમાચાર ચમકયા છે. તેઓ ભારતમાંથી આ માન પ્રાપ્ત કરવાવાળા બીજા છે.

ડો. જોશીપુરા ઈન્ડીયન એસોસીએશન ઓફ ડર્મેટોલોજીસ્ટ, વીનીટીપોલોજીમ અને લેપ્રોલોજીસ્ટના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ છે અને હાલમાં ઈન્ટરનેશનલ ક્ષેત્રે વિવિધ હોદ્દાઓ ધરાવે છે.




કલોલ નગરમાં આવતા ડહોળા પાણી તેમજ મોંઘવારીના મુદ્દે મહિલા કોંગ્રેસ દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ કીર્તિબેન પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ મંદાબેન વ્યાસ, જિલ્લા મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ હેમલત્તાબેન પરમાર, સોનલબેન ચાવડા સહિત ૪૦૦થી પણ વધુ મહિલાઓ આ રેલીમાં જોડાઈ હતી. રેલી બાદ મામલતદાર વાઘેલાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# આવતીકાલથી શાળાઓમાં પ્રથમ સત્રાંત પરીક્ષાનો પ્રારંભ

## નવરાત્રિ પહેલા પરીક્ષાના આયોજનથી વિદ્યાર્થીઓ-વાલીઓમાં ઉત્સાહ : કેટલીક શાળાઓએ બુધવારે વાંચન માટે રજા આપી દીધી

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં તા. ૨૨મી સપ્ટેમ્બર ગુરૂવારથી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની સત્રાંત પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. આગામી નવરાત્રિ પર્વ પહેલા આ પરીક્ષાઓનું આયોજન થઈ ગયું હોવાથી વિદ્યાર્થીઓમાં પણ ઉત્સાહજનક માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની અનેક શાળાઓમાં બુધવારે વિદ્યાર્થીઓને વાંચન માટે રજા આપી દેવાઈ છે. હવે સેમેસ્ટર સીસ્ટમ પણ ખતમ થઈ ગઈ હોવાથી તે વગરની આ પ્રથમ પરીક્ષાઓ લેવાશે.

દર વર્ષે પ્રથમ સત્રાંત પરીક્ષા અને નવરાત્રિ મહોત્સવનો ટકરાવ થતો જોવા મળે છે. નવરાત્રિએ અબાલવૃદ્ધ સૌ કોઈ માટે પસંદગીનો ઉત્સવ હોવાથી પરીક્ષાઓ જો ઉત્સવ દરમ્યાન કે તે પછી હોય તો વિદ્યાર્થીઓની પરીક્ષાની તૈયારીઓ અને તેમના પ્રદર્શન પર અસર પડે છે. આ વાતને ધ્યાનમાં રાખીને આ વર્ષે પરીક્ષાઓ લગભગ નવરાત્રિના પ્રારંભ સાથે પૂર્ણ થાય છે તેથી વિદ્યાર્થીઓ તથા વાલીઓ સહિત શિક્ષકગણમાં પણ રાહતની લાગણી જોવા મળી રહી છે. પ્રાથમિક વિભાગની પરીક્ષાઓ તો તા. ૩૦ સપ્ટેમ્બરે જ પૂર્ણ થાય છે. જ્યારે માધ્યમિક વિભાગની પરીક્ષાઓ તા. ૩જી ઓક્ટોબરે પૂર્ણ થાય છે. નવરાત્રિનો પ્રારંભ તા. ૧લી ઓક્ટોબરથી થતો હોઈ તે સાથે લગભગ પરીક્ષાઓ પૂર્ણ થઈ જવા પામશે. માધ્યમિક વિભાગના માત્ર વૈકલ્પિક વિષયોના પેપર જ નવરાત્રીના પ્રારંભિક બે દિવસ દરમ્યાન લેવામાં આવનાર છે. આમ આ વર્ષે બાળકો નવરાત્રિને મનભરીને માણી શકશે તેમજ વાલીઓ પર પણ નવરાત્રિ સમયે પરીક્ષાની તૈયારી કરાવવાનો કે બાળકો પર નિયંત્રણો મુકવાનો બોજ નહી રહે.

### હવે એસાઈનમેન્ટના બદલે "બ્લ્યુ પ્રિન્ટ"

શહેરની ગ્રાન્ટેડ તથા ખાનગી પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા માટે મોટેભાગે વિદ્યાર્થીઓને એસાઈમેન્ટ આપી તૈયારીઓ કરાવવાનો શિરસ્તો પ્રચલિત છે. જો કે આ વખતે શહેરના કડી કેમ્પસની પ્રાથમિક શાળાઓમાં એસાઈન્મેન્ટના બદલે "બ્લ્યુ પ્રિન્ટ"નો પ્રયોગ કરાયો છે. આ અંગે માહિતી આપતા જે.બી. પ્રાથમિક શાળાના આચાર્યા નીવાબેન પટેલે જણાવ્યું હતું કે એસાઈનમેન્ટથી વિદ્યાર્થીઓ માત્ર પરીક્ષાલક્ષી અભ્યાસનું જ મહત્વ આપતા થઈ જાય છે. જ્યારે "બ્લ્યુ પ્રિન્ટ'. પદ્ધતિમાં અમે દરેક પાઠના ગુણભાર દર્શાવી તેમાં ટુંકનોંધ, પ્રશ્નો કે અન્ય મુજબ તેનું વર્ગીકરણ આપી દઈશુ જેથી વિદ્યાર્થીએ પોતે દરેક પાઠ તૈયાર કરવો તેમજ જે પાઠમાં પોતે નબળો હોય તેને મહત્વ આપવુ અને વધુ ગુણાંક માટે કયા કયા પાઠ પર ભાર મુકવો તે ખબર પડશે અને તે મુજબ તૈયારી કરશે તેથી આ અભ્યાસ તેને કાયમી ઉપયોગી નિવડશે.

# કોલવડા-મોટી આદરજના બંધ રેલવે સ્ટેશન પર અસામાજિક તત્વોનો અડ્ડો

ગાંધીનગર, તા. ૨૦

છેલ્લા બે વર્ષથી બંધ કોલવડા અને મોટી આદરજ રેલવે સ્ટેશન હાલ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયુ છે. બંને સ્ટેશન બંધ કરી દેવાતા સ્ટાફ પણ અન્ય ઠેકાણે કામે લગાડી દેવાયો છે. આ રૂટમાં મેમુ-ડેમુ ટ્રેઈન દોડાવવાની માંગણી પણ સંતોષાઈ નથી. જેના પરિણામે રેલવેના અસ્તિત્વ માટે જમીન આપનારા આમ નાગરિકો પણ રેલવેની સુવિધાથી વંચિત રહ્યા હોવાનો રોષ પ્રબળ બન્યો છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં હજુ સુધી કેપિટલ સ્ટેશનને છાજે તેવી રેલ સુવિધા ઉપલબ્ધ થઈ નથી. હાલની સ્થિતિએ રોજબરોજ ચાર ટ્રેઈન અવર જવર કરે છે. નવી ટ્રેઈનો ફાળવવાના મામલે છેલ્લા પાંચ વર્ષથી રેલ બજેટમાં પણ ઠેંગો દેખાડી દેવાય છે. બીજી તરફ મેમુ-ડેમુ ટ્રેઈન દોડાવાની માંગણીનો પણ અંત આવ્યો નથી. કોલવડા અને મોટી આદરજ રેલવે સ્ટેશનને તાળુ મારી દેવાયુ છે. સ્ટેશન બંધ કરી દેવાતા સ્થાનિક ગ્રામજનો સહીત રેલયાત્રિકોમાં પણ નારાજગી વ્યાપી છે. છેલ્લા બે વર્ષથી આ બંને રેલવે સ્ટેશન બંધ કરી દેવાયા બાદ આ જગ્યાનો સ્ટાફ પણ અન્ય ઠેકાણે કામે લગાડી દેવાયો છે. ત્યારે રાત્રિના અંધારામાં ભેંકાર ભાસતા સ્ટેશન પર દુષણો મંડરાઈ રહ્યા છે. કોલવડા અને મોટી આદરજના સ્ટેશન અસામાજિક તત્વોનો અડ્ડો બની રહ્યા છે. એકબાજુ આબુરોડ સુધી લાઈનનું ઈલેકટ્રીફીકેશન કરી દેવાયું છે ત્યારે આ રૂટમાં વધુ મેમુ-ડેમુ ટ્રેઈન શરૂ કરવાની માંગણી પણ સ્વીકારવામાં આવતી નથી જેના પરિણામે સ્ટેશનના નિર્માણ માટે જમીન ફાળવનારા આમ નાગરિકોને જરૂરી રેલ સુવિધા મળતી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

**રેલવે માટે જમીન આપી પણ સ્ટેશનો બંધ થતા નાગિરકોની રેલ સેવા છીનવાઈ : મેમુ-ડેમુ શરૂ કરવાની માંગણી**

### કેપિટલ સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૨ પર બાકડા મુકાશે

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપીટલ સ્ટેશન પર દાયકાઓના અંતે રેલ યાત્રિકો લક્ષી સુવિધા ઉભી કરવામાં આવી નથી. રેલવેના યાત્રિકો માટે આનુસંગિક સુવિધાઓનો અભાવ વર્તાઈ રહ્યો છે. હાલ સ્ટેશન પર યાત્રિકોને બેસવાની વ્યવસ્થા પણ પર્યાપ્ત નથી. જો કે એમ.પી.ની ગ્રાન્ટમાંથી સ્ટેશન પર નવા બાકડા મુકવાનું આયોજન કરી દેવાયું છે. સ્ટેશનના ૨ નંબરના પ્લેટફોર્મ પર જરુરી ઠેકાણે નવા બાકડા મુકવામાં આવશે. આ મામલે અગાઉ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે રજુઆત પણ કરી હતી. જેના અંતે રેલ મુસાફરો માટે પ્લેટફોર્મ પર બાકડાની વ્યવસ્થા કરવામાં આવશે.

# ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળના નવા પ્રમુખની નિમણુંક

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત મેરીટાઈમ બોર્ડની વડી કચેરી ગાંધીનગર ખાતે ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ મહામંડળ દ્વારા ગત તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ કારોબારીની મીટીંગ યોજાઈ હતી. કારોબારીની મીટીંગમાં કર્મઠ, બાહોશ અને સંગઠનમાં સંનિષ્ઠ તથા કર્મયોગી કર્મચારીઓના પ્રશ્નોના નિવારણ માટે સતત જાગૃત રહી પ્રયત્નશીલ રહેનાર જામનગર ગ્રામ્યના પૂર્વધારાસભ્ય લાલજીભાઈ સોલંકીની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે નિમણુંક થતા ગુજરાત મેરી ટાઈમ બોર્ડના કર્મચારીગણે તેઓને અભિનંદન પાઠવ્યા છે.

# દર્દથી કણસી રહેલી ગાયને આખરે જીવદયા પ્રેમીઓએ સારવાર અર્થે અમદાવાદ મોકલી આપી

## શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઈજાગ્રસ્ત થયેલ ગાયને વ્હારે આવવા તંત્રએ નનૈયો ભણ્યો...! નગરની કહેવાતી એકપણ સંસ્થા સેવા માટે કામ ન આવી

ગાંધીનગર, તા.૨૦

શહેરના મુખ્ય રાજયમાર્ગ ગણાતા ઘ માર્ગ પર અકસ્માતને પગલે દર્દથી કણસી રહેલી ગાયને બચાવવા માટે શહેરની એકપણ સેવાભાવી સંસ્થા આવી નહોતી. જયારે જીવદયા પ્રેમીઓએ મદદ માટે મનપા તંત્ર પાસે હાથ ફેલાવ્યા હતા પરંતુ નઠોર મનપાના અધિકારીઓએ હાથ ઉંચા કરી દીધા હતા તેમજ ગાયને બચાવવા ઉદાસીન વલણ દાખવ્યું હતું. આ અંગે સ્થાનિક કોર્પોરેટર હિરલ જોષી તેમજ જીવદયા પ્રેમી મિલેન્દુ વોરા અને જીલુભા ધાંધલે તંત્રનો ઉધડો લેતા મનપાએ આખરે કચવાતા મને ટ્રેક્ટર મોકલી આપ્યું હતું. આખરે ગાયને સારવાર માટે અમદાવાદ ગૌ શાળા ખાતે મોકલી અપાઈ હતી. કણસી રહેલી ગાય માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી જાગૃત નાગરીકો પણ તંત્ર પર ફિટકાર વરસાવતા નજરે પડ્યા હતા.

શહેરના રાજમાર્ગ ગણાતા ઘ માર્ગ પર ઘ-૩ પેટ્રોલ પંપ તરફના વળાંક પાસે ગઈકાલે બપોરના સુમારે જીપની ટક્કરથી ગાય ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માતમાં ઈજા પામેલ ગાય ત્યાં જ દર્દથી કણસી રહી હતી. ત્યાંથી પસાર થતા નાગરીકોએ રાત્રીના સુમારે કોલ કરીને એનીમલ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. જયારે એનીમલ હેલ્પલાઈનના ડોકટરે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અન્યત્ર ખસેડવાની સુચના આપી હતી. જયારે શહેરના ઘ-૩ સર્કલ પાસે ધમધમતા વાહન વ્યવહાર વચ્ચે ગાય મદદની રાહ જોઈને પડી હતી પરંતુ તંત્ર કે કહેવાતી નગરની કોઈ સામાજીક સંસ્થા આગળ આવી નહોતી બધા જ એકબીજાને ખો આપતા હતા. ત્યારે શહેરના જાગૃત નાગરીકોએ જીવદયા પ્રેમી જીલુભા ધાંધલ અને મિલેન્દુ વોરા ત્યાંથી પસાર થતા હતા ત્યારે ગાયને જોઈ હતી અને મદદ માટે તુરંત ઉભા રહી ગયા હતા.



તેઓએ તાત્કાલીક જલારામ એનીમલ હેલ્પ લાઈનનો સંપર્ક કર્યો હતો અને ડોકટર આવી પહોંચ્યા હતા અને સારવાર કરી હતી પરંતુ ગાયને વધુ સારવારની જરુર હોવાથી તંત્ર પાસે મદદ માંગી હતી. પરંતુ તંત્રએ મદદ માટે સ્પષ્ટ નનૈયો ભણ્યો હતો. જીવદયા પ્રેમીઓએ ઉચ્ચ અધિકારીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો આખરે ના છુટકે કચવાતા મને ટ્રેકટર મોકલી આપ્યું હતું જેમાં ગાયને અમદાવાદ ખાતે આવેલ ગૌ શાળામાં લઈ જવાઈ હતી. આ ગાયની મદદે ત્યાંથી પસાર થતા અમદાવાદના નાગરીકોનો પણ સાથ અને સહકાર સાંપડ્યો હતો.

# નવરાત્રીનું કાઉન્ટડાઉન શરૂ

## ગરબા ગ્રાઉન્ડની સાફ સફાઈ શરૂ થઈ : કેટલાક ગ્રાઉન્ટ પર મંડપ બાંધવાનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના સૌથી લોકપ્રિય એવા નવરાત્રી મહોત્સવને આડે હવે દસેક દિવસ જ રહ્યા છે ત્યારે નવરાત્રી મહોત્સવની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ગરબાના આયોજકોની બેઠકો શરૂ થઈ ચુકી છે સાથે સાથે ગરબા ગ્રાઉન્ડ તૈયાર થઈ રહ્યા છે.

નવરાત્રી શરૂ થવાને આડે હવે માત્ર ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. તેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચુકયું છે. ખેલૈયાઓ જેની ઘણા દિવસોથી રાહ જોઈ રહ્યા છે તેવા નવરાત્રી મહોત્સવને માણવા માટે સૌ કોઈ થનગની રહ્યા છે. સેકટરોના અને પાર્ટીપ્લોટના ગરબાના આયોજકોની રોજ બરોજની મિટીંગો શરૂ થઈ ચુકી છે. કેટલાક ગરબા ગ્રાઉન્ડમાં સાફ સફાઈ શરૂ થઈ છે. તો કયાંક મંડપનું કામ શરૂ થઈ ચુકયુ છે.

આયોજકોની સાથે સાથે ખેલૈયાઓએ પણ છેલ્લી ઘડીની તૈયારીઓ આરંભી છે. ચણિયાચોળી, ધોતી, કેડીયુ અને અન્ય નવરાત્રી સંલગ્ન એસેસરીઝના ટ્રાયલ લઈ ખેલૈયાઓ તૈયારીઓને ઝડપથી આટોપી રહ્યા છે. નવી ખરીદી માટે પણ બજારોમાં ભીડ દેખાઈ રહી છે. આ ઉપરાંત ઘરેથી ચણિયાચોળી અને ઘરેણાંઓનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં પણ પુછપરછ શરૂ થઈ છે. ગરબા કલાસીસમાં લેટેસ્ટ સ્ટેપ્સની તૈયારીઓ થઈ રહી છે. સમગ્ર શહેર જાણે ઉત્સવના રંગમાં રંગાઈ ગયું હોય તેમ લાગી રહ્યું છે.

# દહેગામ પોલીસે દારુ બિયરનો જથ્થો ભરેલી ઈનોવા પકડી

ગાંધીનગર, તા.૨૦

દહેગામ-રખિયાલ માર્ગ પરથી વિદેશી દારુ-બિયરની હેરાફેરી થવાની હોવાની બાતમી દહેગામ પોલીસને મળતા પોલીસે વોચ ગોઠવી દીધી હતી. બાતમી વાળી ઈનોવા આવતા રસ્તા વચ્ચે આડસ મુકી પોલીસે રસ્તો બ્લોક કરી દીધો હતો. પોલીસ જોઈને ડ્રાઈવરે ઈનોવા દોડાવી મુકી હતી. પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને રખીયાલ પોલીસની મદદ લઈ જવાહર નવોદય સ્કુલ પાસે ગાડીને આંતરીને બે શખ્સોને દબોચી લીધા હતાં. દહેગામ પોલીસે રુ.૫.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



દહેગામ પી.આઈ ભરત પટેલની સુચનાથી પી.એસ.આઈ પી.જે.સોલંકી તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક સફેદ ઈનોવામાં દારુ બિયર ભરી રખિયાલ-દહેગામ રોડ તરફ આવી રહી છે. જેને આધારે ટીમ બાયડ ત્રણ રસ્તા નજીક વોચમાં હતી. દરમ્યાન બાતમી વાળી ઈનોવા આવતા રસ્તો બ્લોક કરી દીધો હતો. પોલીસ જોઈને ઈનોવા ચાલકે ગાડી પાછી વાળી દીધી અને રખિયાલ તરફ દોડાવી મુકી હતી. પી.એસ.આઈ પી.જે.સોલંકી એ રખિયાલ પોલીસને એલર્ટ કરાવી ઈનોવાનો પીછો કર્યો અને જવાહર નવોદય સ્કુલ નજીકથી જી.જે ૧૮ બીડી ૪૮૬૩ ગાંધીનગર પાસિંગની ઈનોવા સાથે રાજસ્થાનનાં બે શખ્સો જીવનરામ કિશનરામ બિશ્નોઈ અને હરિશચંદ્ર નાથુરામ મિણાને પકડી પાડ્યા હતા. ૨૨ પેટી નાની મોટી વિદેશી દારુની બોટલ અને ૧૧ પેટી બિયરના ટીન અને ૨૦નંગ છુટી બિયરની ટીનનો જથ્થો ગાડીમાંથી મળી આવ્યો હતો. દારુ બિયર તથા ગાડી મળી કુલ રુ.૫,૩૬,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી દહેગામ પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને ક્યા મોકલવામાં આવી રહ્યો હતો તે સહિતની તપાસ આરંભી છે.

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ 'ગીર' ફાઉન્ડેશન

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિર તળે ભોજન સેવાઓ (કેટરીંગ સુવિધા) પુરી પાડવા બાબત.

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર કચેરી હસ્તકના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેમજ અરણ્ય ઉદ્યાન ખાતે યોજવામાં આવતી શાળા તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરો તળે કેટરીંગ સુવિધા પુરી પાડવા જે કોઈ રસ ધરાવતા હોય તેવા કેટરર્સ / વ્યક્તિ / સંસ્થા / ઈજારદારે આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ સુધીમાં રોકડેથી / ડી.ડી.થી રૂ. ૫૦૦/- ભરી, જે તે બાબતનું કોરૂ ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ બાબતો / શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી અત્રે મળે તે રૂએ તેમજ કવર ઉપર 'કેટરીંગ સુવિધા પુરી પાડવાના ભાવો' લખી અત્રે મોકલી આપવાના રહેશે.

સરનામું : 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પો. સેક્ટર-૭, ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન સંપર્ક : (૦૭૯) ૨૩૯૭૭૩૦૦,

નાયબ નિયામક, આર. એન્ડ ડી.
'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

માહિતી/૧૫૬૯/૧૬-૧૭